| | | |
|---|---|---|
| દાખલ તારીખ | : | ૧૦/૦૨/૨૦૧૦ |
| રજી.તારીખ | : | ૧૦/૦૨/૨૦૧૦ |
| નિકાલ તારીખ | : | ૧૬/૧૦/૨૦૨૪ |
| સમયગાળો | : | વર્ષ માસ દિવસ<br>૧૪ ૦૮ ૦૬ |

---

**મે.ભચાઉના ત્રીજા અધિક ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મું. ભચાઉ–કચ્છ.**

---

| | | | |
|---|---|---|---|
| સેશન્સ કેસ નં | : | (જુનો) | ૩૮/૨૦૧૫ |
| સેશન્સ કેસ નં | : | (નવો) | ૧૮/૨૦૨૦ |

**આંક :–**

| | | | |
|---|---|---|---|
| **ફરિયાદી** | : | | શ્રી સરકાર |
| | **વિરુદ્ધ** | | |
| **આરોપી** | : | (૧) | સુલતાન હાસમ હિંગોરજા<br>ઉ.વ.પુખ્ત, |
| | : | (૨) | જુમ્મા આમદ હિંગોરજા<br>ઉ.વ.પુખ્ત, |
| | : | (૩) | હાજી જુસબ હિંગોરજા<br>ઉ.વ.પુખ્ત, |
| | : | (૪) | રસુલ હાસમ હિંગોરજા<br>ઉ.વ.પુખ્ત, |
| | : | (૫) | મહેબુબ હાસમ હિંગોરજા<br>ઉ.વ.પુખ્ત, |
| | : | (૬) | ફૈજમામદ હાસમ હિંગોરજા<br>ઉ.વ.પુખ્ત, |
| | : | (૭) | હારૂન હાસમ હિંગોરજા<br>ઉ.વ.પુખ્ત, |

| | | | |
|---|---|---|---|
| | : | (૮) | હાજી હાસમ હિંગોરજા<br>ઉ.વ.પુખ્ત, |
| | : | (૯) | આમદખાન મામદ હિંગોરજા<br>ઉ.વ.પુખ્ત, |
| | : | (૧૦) | નશીમ ઉર્ફે રહીમ રમજાન હિંગોરજા<br>ઉ.વ.પુખ્ત, |
| | : | (૧૧) | ફૈજમામદ અલ્લારખા ભટી<br>ઉ.વ.પુખ્ત,<br><br>તમામ રહે– ટગા, તા–રાપર–કચ્છ. |

---

| | | |
|---|---|---|
| સરકાર તરફે વિધ્વાન એ.જી.પી. | : | શ્રી ડી.એસ.જાડેજા |
| આરોપીપક્ષ તરફે વિધ્વાન વ.શ્રી | : | શ્રી જી.એસ.શેખ |

---

| | | |
|---|---|---|
| **બાબત** | : | ભારતીય દંડ સંહીતાની કલમ **:** ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૩૨૩, ૩૪૧, ૩૦૭, ૧૨૦(બી), તથા આર્મ્સ એકટની કલમ– ૨૫ (૧)(બી) મુજબ |

---

## –: ચુકાદો :–

(૧) ફરિયાદપક્ષની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા–૦૫/૦૫/૨૦૦૯ ના કલાક ૧૫/૦૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન આડેસર થી વરણ જતા રોડ ઉપર વિજાપુર તરફ જવાના રસ્તા પાસે આ કામના આરોપી નં–૧ તથા ૨ વાળાના ભાઈઓના મોત વાહન થી દશેક મહીના પહેલા આ કામના ફરિયાદી તથા તેના કુટુંબના સભ્યોએ મળી કરેલાની ફરિયાદ થયેલ જેમા આ કામના ફરિયાદી તથા તેના ભાઈઓ આરોપી તરીકે જેલમાં જતા અને તેઓ જામીન પર મુકત થઈ જતા તે બાબતેનું મનદુ:ખ રાખી આ કામના આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી, જીવલેણ હથિયારો જેવા કે બંદુકો, ધારીયા જેવા હથિયારો ધારણ કરી, કાવતરુ રચી ફરિયાદીની સ્કોર્પીયો ગાડી જેનો રજી. નં–જીજે૧ ૨–પી–૪૪૯૪ વાળીમાં સાહેદો સાથે પોતાના ઘરે જતો હતા ત્યારે આરોપી નં–૧ થી ૪

વાળાઓએ ફરિયાદી ઉપર બંદુક થી ફાયરીંગ કરી ફરિયાદી ઉપર જીવલેણ હુમલો કરી સાહેદો અનવર મામદ તથા હાજી નુરમામદને પકડી રાખી સાહેદ હાજી નુરમામદને મુઢમાર મારી ઈજાઓ કરી આરોપી નં-૧૧ વાળા સાથે આરોપી નં-૧ થી ૧૦ વાળાઓ સાથે કાવતરામાં સામેલ રહી ભારતીય દંડ સંહીતાની કલમ : ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૩૨૩, ૩૪૧, ૩૦૭, ૧૨૦(બી), તથા આર્મ્સ એકટની કલમ- ૨૫ (૧)(બી) મુજબનો ગંભીર ગુનો કરેલ હોય ત.ક.અ.શ્રીએ સદર ગુનાની તપાસ કરી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૭૩ મુજબ આરોપીઓ વિરુધ્ધ ઉપરોકત મુજબના ગુનાના આક્ષેપવાળુ ચાર્જશીટ રાપરના વિ.જે.એમ.એફ.સી સાહેબની કોર્ટમાં <u>તા.૩૧/૦૭/૨૦૦૯</u> નારોજ રજુ કરતા તેને ફોજદારી કેસ રજીસ્ટરે લેવામાં આવેલ જેને <u>ફોજદારી કેસ નં-૪૮૮/૨૦૦૯</u> પડેલ, અને ત્યારબાદ આરોપીઓની આંક-૨૭ થી ૩૭ સુધીની પ્લી રેકર્ડ કરી આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલ અને ત્યારબાદ કેસ વિ.ચીફ.જયુડી. મેજી. રાપર નાઓની કોર્ટમાં ટ્રાન્સફર થતા તેઓશ્રીએ આરોપી સામેના ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા સેશન્સ કોર્ટને હોવાથી ઉપરોકત ફોજદારી કેસના કામે ક્રિમીનલ પ્ર ોસીજર કોડની કલમ-૨૦૯ મુજબ સેશન્સ કમીટ કરતો હુકમ વિ.જે.એમ.એફ.સી સાહેબ નાઓએ કરેલ.

- ત્યારબાદ અધિક જયુડી.મેજી.ફ.ક.રાપર-કચ્છ તરફ થી કેસ કમીટ થઈ આવતા સદર <u>ગાંધીધામ અધિક સેશન્સ કોર્ટ સેશન્સ કેસ નં-૩૮/૨૦૧૫</u> થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

- ત્યારબાદ તે આધારે સદરહુ કેસનું અસલ રેકર્ડ અંજાર સેશન્સ કોર્ટ આવતા <u>સેશન્સ કેસ નં. ૩૮/૨૦૧૫</u> અંજાર ખાતે આપવામાં આવેલ છે.

- બાદ મારા પુરોગામી સેશન્સ જજ સાહેબે આરોપીઓ વિરૂધ્ધના ગુનાનું સંજ્ઞાન લઈ આરોપીઓ સામે <u>આંક-૮૪ થી</u> ભારતીય દંડ સંહીતાની કલમ : ૧૪૩, ૧૪૭, ૧૪૮,

૩૨૩, ૩૪૧, ૩૦૭, ૧૨૦(બી), તથા આર્મ્સ એકટની કલમ-૨૫(૧)(બી) મુજબના ગુનાનુ તહોમતનામુ ફરમાવી આરોપીઓની આંક-૮૫ થી ૯૫ સુધીની પ્લી રેકર્ડ કરતાં આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતાં આરોપીઓ વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

➢ ત્યારબાદ ભચાઉ ખાતે પુર્ણકાલીન સેશન્સ કોર્ટ અસ્તિત્વમાં આવતા સદરહુ કેસ અંજારથી ભચાઉ ખાતે ટ્રાન્સફર થતા નવા નંબર સેશન્સ કેસ નં.૧૮/૨૦૨૦ ભચાઉ ખાતે આપવામાં આવેલ છે.

(૨) આ કામે ફરીયાદપક્ષ તરફથી પોતાના કેસની હકીકતો સાબીત કરવા માટે નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

■ **મૌખિક પુરાવો:-**

| ક્રમ | આંક | સાહેદોની વિગત |
|---|---|---|
| ૧ | ૧૧૫ | પંચ સાહેદ રઘુભા રણછોડજી જાડેજાની જુબાની |
| ૨ | ૧૧૭ | પંચ સાહેદ ભરતભાઈ વલ્લભભાઈ હિરપરાની જુબાની |
| ૩ | ૧૧૯ | પંચ સાહેદ મામદ કાસમભાઈ થેબાની જુબાની |
| ૪ | ૧૧૧ | પંચ સાહેદ કરીમ ફકીરમામદ હિંગોરજાની જુબાની |
| ૫ | ૧૨૯ | પંચ સાહેદ હબીબ હાજી સમેજાની જુબાની |
| ૬ | ૧૩૧ | પંચ સાહેદ મોહસીનખાન જલાલખાન બલોચની જુબાની |
| ૭ | ૧૫૩ | પંચ સાહેદ રાયમલભાઈ ભાવાભાઈ મઢવીની જુબાની |
| ૮ | ૧૫૫ | પંચ સાહેદ અમીર અયુબ હિંગોરજા ની જુબાની |
| ૯ | ૧૫૬ | સાહેદ કાસમ ખાનમામદ હિંગોરજાની જુબાની |
| ૧૦ | ૧૫૮ | સાહેદ અબ્દુલ દિનમામદ હિંગોરજાની જુબાની |
| ૧૧ | ૧૬૩ | સાહેદ દયાલગર ભુરાગર ગુંસાઈની જુબાની |
| ૧૨ | ૧૬૭ | પંચ સાહેદ શેરમામદ અયુબ હિંગોરજાની જુબાની |

| | | |
|---|---|---|
| ૧૩ | ૧૬૬ | પંચ સાહેદ પ્રભુલાલ ભુરાલાલ ઠક્કરની જુબાની |
| ૧૪ | ૧૬૭ | પંચ સાહેદ રમજાન અલીમામદ હિંગોરજાની જુબાની |
| ૧૫ | ૧૭૧ | ફરિયાદી હારૂન અયુબ હિંગોરજાની જુબાની |
| ૧૬ | ૧૭૯ | ડો.સાહેદ વિરલ યશવંતસિંહ વાઘેલાની જુબાની |
| ૧૭ | ૧૮૧ | સાહેદ હરજીભાઈ હાજાભાઈ રબારીની જુબાની |
| ૧૮ | ૧૮૨ | સાહેદ અનવર મામદભાઈ આયરાની જુબાની |
| ૧૯ | ૧૮૪ | ત.ક.અ. રાયધણભાઈ લખમણભાઈ રાઠોડની જુબાની |

■ **દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | આંક | પુરાવાની વિગત |
|---|---|---|
| ૧ | ૧૧૬ | પંચનામું |
| ૨ | ૧૧૮ | અટક પંચનામું |
| ૩ | ૧૨૦ | પંચનામું |
| ૪ | ૧૧૨ | રીકવરી પંચનામું |
| ૫ | ૧૩૦ | સ્થાનીક જગ્યાનું પંચનામું |
| ૬ | ૧૭૨ | ફરિયાદ |
| ૭ | ૧૮૦ | ઈન્જરી સર્ટીફીકેટ |
| ૮ | ૧૮૪ | સ્થાનીક જગ્યાનો નકશો બનાવી આપવા માટેની યાદી |
| ૯ | ૧૮૫ | ગુનો રજી. કરવાની યાદી |
| ૧૦ | ૧૮૬ | ઈજા પામનારનુ સારવાર સર્ટી આપવા બાબતેની યાદી |
| ૧૧ | ૧૮૮ | એફએસએલ વાન, જામનગરની યાદી |
| ૧૨ | ૧૮૯ | મુદ્દામાલ રવાનગી પત્રક |
| ૧૩ | ૧૯૦ | મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ |
| ૧૪ | ૧૯૧ | પુથ્થકરણ અહેવાલ |
| ૧૫ | ૧૯૨ થી ૧૯૬ | મોબાઈલ ફોનની કોલ ડીટેઈલ |

(૪) ફરીયાદપક્ષ તરફે ઉપર મુજબના પુરાવા તપાસ્યા બાદ, ફરીયાદપક્ષે વિધ્વાન એ.ડી.પી.પી. શ્રી દવારા આંક–૧૯૭ ની પુરાવો પુરો કરવાની પુરશીશથી જાહેર કરેલ છે કે રજુ કરેલ પુરાવા સિવાય વિશેષ કોઈ પુરાવો આપવો નથી તેમજ તપાસવામાં આવેલ સાહેદો સિવાયના બાકીના સાહેદોને ડ્રોપ કરી આ કામે પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરવામાં આવેલ છે.

(૫) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ફરીયાદપક્ષના પુરાવામાં જાહેર થયેલ હકીકતનો ખુલાસો કરવા માટે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ મુજબનું આરોપીઓનું વધારાનુ નિવેદન નોધવામા આવેલુ છે અને જેમાં આરોપીઓએ પોતાની વિરૂધ્ધની હકીકતો નો ઈન્કાર કરેલો છે અને ખોટો કેસ કરેલાની  વિગત જાહેર કરેલ છે.

(૬) આ કામે ફરીયાદપક્ષ તરફે વિધ્વાન સરકારી વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી. તેઓની દલીલોનો ટુંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આ કિસ્સામાં પંચ સાહેદો ફરી ગયેલા જાહેર થયેલા છે પરંતુ આ કામે પોલીસ સાહેદોએ તથા ડોકટર સાહેદોએ ફરિયાદપક્ષને મદદરૂપ થાય તે રીતે પુરાવો આપી પોતાનો કેસ પુરવાર કરેલ છે. તેમજ પંચનામાના પંચોએ પણ પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ છે તથા તપાસ કરનાર અમલદારે તપાસના અંતે પુરતા પુરાવા આધારે આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરેલ છે જેથી આ તમામ સંજોગો ધ્યાને લઈ આરોપીને તકસીરવાન ઠરાવી સખતમાં સખત સજા કરવા દલીલ કરેલી છે.

(૭) આ કામે આરોપી તરફે વિધ્વાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી તેઓની દલીલોનો ટુંક માં મુખ્ય સારાંશ એવો છે કે, આ કામે ફરીયાદપક્ષ તરફથી જે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામા આવેલ છે તેમાં આ કિસ્સામાં પંચ સાહેદો ફરી ગયેલા જાહેર થયેલા છે અને ફરિયાદપક્ષે રજુ પંચનામાની વિગતને મદદરૂપ થાય તે રીતની કોઈ વિગત જણાવેલી નથી અને તમામ પંચનામા સાબીત થયેલા નથી તે સંજોગોમાં આ ડોકટર સાહેદો અને પોલીસ સાહેદોની જુબાનીના આધારે ફરીયાદપક્ષનો કેસ સાબીત થતો નથી તેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલ કરેલી છે.

(૮) આ કામે કેસનું તમામ અસલ રેકર્ડ ગંભીરતાથી વંચાણે લીધું.

(૯) ઉપરોકત હકીકતે કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

**૧.** શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ એ તા-૦૫/૦૫/૨૦૦૯ ના કલાક ૧૫/૦૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન આડેસર થી વરણ જતા રોડ ઉપર વિજાપુર તરફ જવાના રસ્તા પાસે આ કામના આરોપી નં-૧ તથા ૨ વાળાના ભાઈઓના મોત વાહન થી દશેક મહીના પહેલા આ કામના ફરિયાદી તથા તેના કુટુંબના સભ્યોએ મળી કરેલાની ફરિયાદ થયેલ જેમા આ કામના ફરિયાદી તથા તેના ભાઈઓ આરોપી તરીકે જેલમાં જતા અને તેઓ જામીન પર મુકત થઈ જતા તે બાબતેનું મનદુ:ખ રાખી આ કામના આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી, જીવલેણ હથિયારો જેવા કે બંદુકો, ધારીયા જેવા હથિયારો ધારણ કરી, કાવતરુ રચી ફરિયાદીની સ્કોર્પીયો ગાડી જેનો રજી. નં-જીજે૧ ૨-પી-૪૪૯૪ વાળીમાં સાહેદો સાથે પોતાના ઘરે જતો હતા ત્યારે આરોપી નં- ૧ થી ૪ વાળાઓએ ફરિયાદી ઉપર બંદુક થી ફાયરીંગ કરી ફરિયાદી ઉપર જીવલેણ હુમલો કરી સાહેદો અનવર મામદ તથા હાજી નુરમામદને પકડી રાખી સાહેદ હાજી નુરમામદને મુઢમાર મારી ઈજાઓ કરી આરોપી નં-૧૧ વાળા સાથે આરોપી નં-૧ થી ૧૦ વાળા ઓ સાથે કાવતરામાં સામેલ રહી ભારતીય દંડ સંહીતાની કલમ : ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૩૨૩, ૩૪૧, ૩૦૭, ૧૨૦(બી), તથા આર્મ્સ એકટની કલમ- ૨૫ (૧)(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુના કરેલ છે ?

**૨.** શું હુકમ ?

(૧૦) ઉપરોકત મુદદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે :

**૧.** મુદદા નં.૧ : નકારમાં
**૨.** મુદદા નં. ૨ : આખરી હુકમ મુજબ.

■ ઉપરોકત મુદદાઓના નિર્ણય માટેના મારા વિગતવારના કારણો નીચે મુજબ છે :

■

## –:: <u>કારણો</u> ::–

■ **મુદદા નં. ૧ :–**

■ **ફરીયાદી તથા સાહેદો નો પુરાવો :–**

(૧૧) **ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે** ફરિયાદના મહત્વના સાહેદ એવા ફરિયાદી – હારૂન અયુબ હિંગોરજાનાઓ<u>ને આંક–૧૭૧</u> થી તપાસવામાં આવેલ છે જેઓનો પુરાવો મુખ્યત્વે જોવામાં આવે તો, આજથી આશરે પંદર વર્ષ પહેલા બનાવ બનેલો. બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલ તે સિવાય કશુ બનેલ નથી. બનાવમાં મારા ઉપર કોઇએ ફાયરીંગ કરેલ હોય તેવુ બનેલ નથી. હુ આરોપીઓને ઓળખુ છુ તેઓ અમારા સમાજ તથા કુંટૂબી માણસો છે તેથી ઓળખુ છુ. મને મુદ્દામાલ બતાવવામાં આવે તો ઓળખી શકુ નહી કારણકે મેં કોઇ મુદ્દામાલ જોયેલ નથી. મને નામદાર કોર્ટના રેકર્ડમાંથી અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તે જોઇને જણાવુ છુ કે તેમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક : ૧૭૨ આપવામાં આવે છે. <u>જયારે આરોપી તરફે લેવામાં આવેલ ઉલટ તપાસમાં મુખ્યત્વે સ્વીકારેલ છે કે,</u> એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ અને સરનામુ પુછેલ તે સિવાય બીજુ કશુ પુછેલ નહી અને મેં ફરીયાદમાં કાંઇ લખાવેલ નહી અને મેં ફરીયાદમાં માત્ર સહી કરેલ છે. એ વાત ખરી છે કે મેં કોઇ આરોપીઓના હાથમાં બંદુક કે કોઇ હથીયારો જોયેલા નથી. એ વાત ખરી છે કે મેં બનાવની કોઇ હકીકત કોઇને જણાવેલ નથી. એ વાત ખરી છે કે મારા સાળાએ મને કોઇ વાત કરેલ નથી. એ વાત ખરી છે કે કોઇએ મોબાઇલની લુંટ કરેલ નથી. એ વાત ખરી છે કે મારા પર કે સાહેદ પર કોઇએ ફાયરીંગ કે હુમલો કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે કોણે હુમલો કે ફાયરીંગ કરેલ તે મેં જોયેલ નથી. એ વાત ખરી છે કે મેં કોઇ હથીયારો જોયેલ નથી. એ વાત ખરી નથી કે આજરોજ સોગંદપર ખોટી જુબાની આપુ છુ.

(૧૨) વધુમાં, આ કામે આંક-૧૫૬ થી સાહેદ કાસમ ખાનમામદ હિંગોરજા નાઓને તથા આંક-૧૫૮ થી સાહેદ અબ્દુલ દિનમામદ હિંગોરજા નાઓને તથા આંક-૧૬૩ થી સાહેદ દયાલગર ભુરાગર ગુંસાઈ નાઓને તથા આંક-૧૮૧ થી સાહેદ હરજીભાઈ હાજાભાઈ રબારી નાઓને તથા આંક-૧૮૨ થી સાહેદ અનવર મામદભાઈ આયરા નાઓને તપાસવામાં આવેલ છે જેઓનો પુરાવો મુખ્યત્વે જોવામાં આવે તો, તેઓ જતા હતા ત્યારે ભીમાસર પોલીસે તેમને બોલાવી તેમનુ નામ સરનામુ પુછેલ અને તેઓને જવાનુ કહેલ જેથી તેઓ ત્યાંથી જતા રહેલ. તેઓએ પોલીસને કોઈ હકીકત જણાવેલ નહી કે તેમને કોઈએ કોઈ હકીકત જણાવેલ નહી કે તેઓએ કોઈ હકીકત જોયેલ નથી. આરોપીએ તેમના કુટુંબી માણસો હોય તેથી તેઓને ઓળખે છે. મુદ્દામાલની ઓળખ બાબતે ઈન્કાર કરેલ છે. જયારે આરોપી તરફે લેવામાં આવેલ ઉલટ તપાસમાં મુખ્યત્વે સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ અને સરનામુ પુછેલ તે સિવાય બીજુ કશુ પુછેલ નહી અને મેં કાંઇ લખાવેલ નહી. એ વાત ખરી છે કે મેં કોઇ આરોપીઓના હાથમાં બંદુક કે કોઇ હથીયારો જોયેલા નથી. એ વાત ખરી છે કે મેં બનાવ જોયેલ નથી અને કોઇને કોઇ હકીકત જણાવેલી નથી. એ વાત ખરી છે કે બનાવ બાબતે મને કોઇએ વાત કરેલ નથી. એ વાત ખરી છે કે કોઇએ મોબાઇલની લુંટ કરેલ નથી. એ વાત ખરી છે કે મેં કોઇ હથીયારો જોયેલ નથી.

➔ આમ, મહત્વના સાહેદ એવા ફરિયાદી તથા સાહેદોએ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલ ન હોય ફરિયાદપક્ષે તેઓને (વિમુખ) ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. ત્યારે સમગ્ર રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતા ફરીયાદી તથા સાહેદોનો પુરાવો વિરોધાભાષી અને વિસંગતા ભર્યો જણાય આવે છે અને લગીરે વિશ્વાસપ્રેરે તેવો જણાય આવતો નથી જેથી તેઓના પુરાવાના આધારે આરોપીઓને આક્ષેપિત ગુનામાં સાંકળી તકસીરવાર ઠરાવી શકાય તેમ નથી. જેથી પુરાવાના અભાવે આરોપીઓએ બનાવ વખતે અને સમયે આક્ષેપિત ગુનો કરેલો હોય તેવી હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સ્પષ્ટપણે નિષ્ફળ નિવડેલ હોવાનુ જણાય આવે છે.

■ **પંચ સાહેદો નો પુરાવો :-**

(૧૩) વધુમાં, આ કામે આંક-૧૧૫ થી પંચ સાહેદ રઘુભા રણછોડજી જાડેજા નાઓને તથા આંક-૧૧૭ થી પંચ સાહેદ ભરતભાઈ વલ્લભભાઈ હિરપરાનાઓને તથા આંક-૧૧૯ થી પંચ સાહેદ મામદ કાસમભાઈ થેબાનાઓને તથા આંક-૧૧૧ થી પંચ સાહેદ કરીમ ફકીરમામદ હિંગોરજા નાઓને તથા આંક-૧૨૯ થી પંચ સાહેદ હબીબ હાજી સમેજા નાઓને તથા આંક-૧૩૧ થી પંચ સાહેદ મોહસીનખાન જલાલખાન બલોચ નાઓને તથા આંક-૧૫૩ થી પંચ સાહેદ રાયમલભાઈ ભાવાભાઈ મઢવી નાઓને તથા આંક-૧૫૫ થી પંચ સાહેદ અમીર અયુબ હિંગોરજાનાઓને તથા આંક-૧૬૩ થી પંચ સાહેદ દયાલગર ભુરાગર ગુંસાઈ નાઓને તથા આંક-૧૬૫ થી પંચ સાહેદ શેરમામદ અયુબ હિંગોરજા નાઓને તથા આંક-૧૬૬ થીપંચ સાહેદ પ્રભુલાલ ભુરાલાલ ઠક્કર નાઓને તથા આંક-૧૬૮ થી પંચ સાહેદ રમજાન અલીમામદ હિંગોરજાનાઓને તપાસવામાં આવેલ છે જેઓનો મુખ્યત્વે સંયુકત પુરાવો જોવામાં આવે તો, આશરે નવેક વર્ષ પહેલા તેઓ જતા હતા ત્યારે રસ્તામાં પોલીસ ે તેમને ઉભા રખાવી તૈયાર કાગળોમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલી. કાગળમાં શું લખેલ હતુ અને શા બાબતેની સહી હતી તે વિશે તેઓ કંઈ જાણતા નથી. પોલીસે તેમની હાજરીમાં કોઈ આરોપીઓની અટક કરેલ હોય કે મુદ્દામાલ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. તેઓ મુદ્દામાલને જોઈને ઓળખી શકે નહી. પોલીસે તેમની વધારાની સહીઓ લીધેલ હોય તો જોઈને કહી શકે. આ સિવાય તેઓ કંઈ જાણતા નથી. તેમને મુદ્દામાલ બતાવતા મુદ્દામાલની ઓળખનો ઈન્કાર કરેલ છે. તેઓની રૂબરૂમાં કંઈ કબજે કરવામાં આવેલ ન હોવાનું જણાવી આ કામે રજુ પંચનામાઓમાં પંચ તરીકે તેઓની સહીઓ ઓળખી બતાવે છે. અને એ રીતે હાલના સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપતા ન હોય, વિ.એપીપી શ્રી ની વિનંતીથી તેઓ ને ભા.પુ.અધિનિયમ ની કલમ-૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી એપીપી શ્રીને આપવામાં આવેલ

છે અને ત્યારબાદ એપીપી શ્રીએ સદર સાહેદની સઘન ઉલટ તપાસ કરેલ છે તેમ છતાં તેઓ ફરીયાદપક્ષના કેસને લગીરે સમર્થન આપતા નથી. જયારે આરોપી તરફે લેવામાં આવેલ ઉલટ તપાસમાં મુખ્યત્વે સ્વીકારેલ છે કે, પોલીસે માત્ર તેમનુ નામઠામ પુછેલુ તે સિવાય બીજુ કંઈ પુછેલ નહી. વધુમાં સ્વીકારેલ છે કે પોલીસે માત્ર તૈયાર કાગળમાં તેઓની સહી લીધેલી. વધુમાં સ્વીકારેલ છે કે પોલીસે તેઓને પંચનામું વાંચી સંભળાવેલ નહી. વધુમાં સ્વીકારેલ છે કે, પોલીસે તેઓની હાજરીમાં કોઈ મુદ્દામાલ કબજે કરેલ હોય કે કોઈ આરોપીની અટક કરેલ હોય તેવુ બનેલ નથી.

➔ આમ,સદર પંચ સાહેદો પૈકી એક પણ પંચ સાહેદે આ કામે રજુ પંચનામાઓને સમર્થન કરેલ ન હોય ફરિયાદપક્ષે તેઓને ફરી ગયેલા (વિમુખ) જાહેર કરેલા છે આમ આ કામે રજુ પંચનામાઓ પુરવાર થયેલા માની શકાય નહી, આમ આ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદોના આવા વિરોધાભાષી અને વિસંગત પુરાવા પર આધાર રાખી શકાય તેમ નથી અને આવો પુરાવો વિશ્વાસજન્ય જણાય આવતો ન હોય આવા પુરાવા પર આધાર રાખી આરોપીઓને આક્ષેપિત ગુનામાં સાંકળી તકસીરવાર ઠરાવી શકાય તેમ નથી. જે સમગ્રત્યા રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતા પંચ સાહેદોનો પુરાવો વિરોધાભાષી અને વિસંગતા ભર્યો જણાય આવે છે અને લગીરે વિશ્વાસપ્રેરે તેવો જણાય આવતો નથી જેથી તેઓના પુરાવાના આધારે આરોપીઓને આક્ષેપિત ગુનામાં સાંકળી તકસીરવાર ઠરાવી શકાય તેમ નથી. જેથી પુરાવાના અભાવે આરોપીઓએ બનાવ વખતે અને સમયે આક્ષેપિત ગુનો કરેલો હોય તેવી હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સ્પષ્ટપણે નિષ્ફળ નિવડેલ હોવાનુ જણાય આવે છે.

(૧૪) **તબીબશ્રી/ મેડીકલ ઓફીસરનો પુરાવો :-**

(૧૪.૧) વધુમાં, ફરિયાદપક્ષે ડો. વિરલ યશવંતસિંહ વાઘેલા નાઓને આંક-૧૭૯ થી તપાસવામાં આવેલ છે તેઓનો મુખ્યત્વે પુરાવો જોવામાં આવે તો, હુ તા : ૦૬/૦૫/૨૦૦૯ના રોજ પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર આડેસર ખાતે મારી ફરજ ઉપર હાજર હતો તે દરમ્યાન સવારના

કલાક ૧૧:૦૦ વાગ્યાના અરશામાં હાજી નુરમામદ હીંગોરજાનાઓ મારી પાસે પોલીસ યાદી સાથે આવેલ ત્યારે મેં તેને તપાસેલ અને તેને તપાસતા જણાઇ આવેલ કે તેને થયેલ ઈજા સામાન્ય હતી અને મુઢમાર હતો અને તેને થયેલ ઈજાઓ એક–બે દિવસમાં સાજી થઇ શકે તેવી હતી અને તેને બહારના દર્દી તરીકે સારવાર આપેલ અને તેને દુખાવાની દવા આપેલ. મેં હાજી નુરમામદ હીંગોરજાની શારીરીક તપાસણી કરેલી અને તેમાં તેઓએ મને હીસ્ટ્રી આપેલી અને તેણે હીસ્ટ્રીમાં જણાવેલ કે તેને જપાજપીના કારણે ઈજાઓ થયેલી. મેં સારવાર આપેલ તે બાબતન સર્ટી. ઇસ્યુ કરેલુ. મને નિશાની ૩૭/૪ વાળુ સર્ટીફીકેટ બતાવવામાં આવે છે તે જોઇને કહુ છુ કે આ તેજ સર્ટી. છે જે મેં હાજી નુરમામદ હીંગોરજાની શારીરીક તપાસણી કર્યાબાદ આપેલુ અને તેના નીચે મારી સહી તથા હોદ્દાનો બાંધેલો છે જે હુ ઓળખી બતાવુ છુ. તે નિશાની ૩૭/૪ વાળા સર્ટી.ને રજુ દાખલ આંક : ૧૮૦ આપવામાં આવે છે. <u>જયારે આરોપી તરફે લેવામાં આવેલ ઉલટ તપાસમાં મુખ્યત્વે સ્વીકારેલ છે કે,</u> એ વાત ખરી છે કે મેં જે ઇસમને તપાસેલ તેના આઇ.ડી.કાર્ડ તે સમયે લીધેલા નથી. એ વાત ખરી છે કે આંક:૧૮૦ વાળા સર્ટી.માં કોઇ હીસ્ટ્રી લખેલ નથી. એ વાત ખરી છે કે દર્દીને થયેલ ઈજાઓ દર્દીને પગથીયા ઉતરતા પડી જવાથી થઇ શકે તેવી ઈજા હતી. એ વાત ખરી નથી કે દર્દીની કોઇ મેડીકલ તપાસણી કરેલ ન હોવાછતા શારીરીક તપાસણીનુ ખોટુ સર્ટી. આપેલ છે. એ વાત ખરી નથી કે આજરોજ સોગંદપર ખોટી જુબાની આપુ છુ.

➔ આમ, સદર ડો.સાહેદનો પુરાવો જોવામાં આવે તો તેઓએ આ કામના ઈજા પામનાર નાઓની સારવાર કરેલ હોય તે મુજબનો પુરાવો આપેલ છે જયારે તેઓની ઉલટ ધ્યાને લ ેવામાં આવે તો એ હકીકત કબુલ રાખી તેઓની રૂબરૂ ના દસ્તાવેજી આધારો રજુ રાખેલ છે આમ, તેઓશ્રી નિષ્ણાંત હોય તેઓએ કરેલ કામગીરી પુરાવો આપેલો છે. આ કામે ફરીયાદી/ઈજા પામનાર સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતુ ન હોય સદર મેડીકલ ઓફીસરની જુબાની આધારે હાલના કામના આરોપીઓને આક્ષેપિત ગુનામાં સાંકળી તકસીરવાર ઠરાવી શકાય તેમ નથી. જેથી પુરાવાના અભાવે આરોપીએ બનાવ

વખતે અને સમયે આક્ષેપિત ગુનો કરેલો હોય તેવી હકીકત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સ્પષ્ટપણે નિષ્ફળ નિવડેલ હોવાનુ જણાય આવે છે.

- **પોલીસ સાહેદો નો પુરાવો :-**

(૧૫) વધુમાં, આ કામે <u>ત.ક.અ.રાયધણભાઈ લખમણભાઈ રાઠોડ નાઓને આંક-૧૮૪</u> થી તપાસવામાં આવેલા છે તેઓનો પુરાવો જોવામાં આવે તો, હુ તા:૦૫/૦૫/૨૦૦૯ના રોજ ભીમાસર પો.સ્ટે.માં પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે પી.એસ.ઓ.એ ભીમાસર પોલીસ સ્ટેશનના ફસ્ટ ગુન્હા રજી.નં:૨૩/૨૦૦૯ ઇ.પી.કો. કલમ ૩૦૭ વિગેરે મુજબનો ગુન્હો દાખલ કરી આ ગુન્હાની તપાસ અમારા તરફ મોકલતા અમોએ ગુન્હાની તપાસ સંભાળી લીધેલી. આ તપાસ સંભાળી લીધાબાદ અમોએ ગુન્હા બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા તથા સાહેદોના વિશેષ નિવેદન નોંધેલ તેમજ અન્ય જરૂરી પંચનામાઓ કરેલા તથા જરૂરી યાદીઓ કરેલ. મારી તપાસ દરમ્યાન આરોપીઓ મળી આવતા તેઓની ધરપકડ કરી નિયમ અનુસારના જરૂરી પંચનામાઓ કરેલા અને જરૂરી મુદ્દામાલ કબ્જે કરેલો અને તેઓને નિયત સમય મર્યાદામાં કોર્ટમાં રજુ કરેલા. મેં મારી તપાસ દરમ્યાન જે મુદ્દામાલ કબ્જે કરેલો તેને રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ.માં ચકાસણી માટે મોકલી આપેલો. જો પંચો એવુ કહેતા હોય કે તેઓની હાજરીમાં કોઇ પંચનામુ કરવામાં આવેલ નથી તો તે વાત ખોટી છે. જો સાહેદો એવુ કહેતા હોય કે તેઓના લખાવ્યા મુજબના નિવેદનો લખેલા નથી તો તે વાત ખોટી છે. આરોપીઓને હુ ઓળખુ છુ તેઓ આજરોજ કોર્ટમાં હાજર નથી અને ઓળખ અંગેની તકરાર નથી. મેં પુરતા પુરાવા મળી આવતા આરોપીઓ સામે ગુન્હાનુ ચાર્જશીટ કરેલ. મને નિશાની ૩૭/૧ વાળી યાદી બતાવવામાં આવે છે તે જોઇને કહુ છુ કે આ તે જ છે જે આ ગુન્હાના કામે ગુન્હો રજીસ્ટર કરવા માટે કરેલ અને તેની પાછળ મને આ ગુન્હાની તપાસ સોંપેલ તેની યાદી છે જેના આધારે મેં તપાસ સંભાળેલ જે હુ ઓળખી બતાવુ છુ. તે

નિશાની ૩૭/૧ વાળી યાદીને રજુ દાખલ આંક:૧૮૫ આપવામાં આવે છે. મને નિશાની ૩૭/૩ વાળી યાદી બતાવવામાં આવે છે તે જોઇને કહુ છુ કે આ તે જ છે જે આ ગુન્હાના કામે કરેલ જે હુ ઓળખી બતાવુ છુ. તે નિશાની ૩૭/૩ વાળી યાદીને રજુ દાખલ આંક:૧૮૬ આપવામાં આવે છે.મને નિશાની ૩૭/૪ વાળી યાદી બતાવવામાં આવે છે તે જોઇને કહુ છુ કે આ તે જ છે જે આ ગુન્હાના કામે કરેલ જે હુ ઓળખી બતાવુ છુ. તે નિશાની ૩૭/૪ વાળી યાદીને રજુ દાખલ આંક:૧૮૭ આપવામાં આવે છે. મને નિશાની ૩૭/૭ વાળો સ્થળ પરીક્ષણ અહેવાલ બતાવવામાં આવે છે તે જોઇને કહુ છુ કે આ તે જ છે જે આ ગુન્હાના પરીક્ષણ કરેલ તે બાબતનો છે જે હુ ઓળખી બતાવુ છુ. તે નિશાની ૩૭/૭ વાળા અહેવાલને રજુ દાખલ આંક:૧૮૮ આપવામાં આવે છે.મને નિશાની ૩૭/૧૧ વાળુ મુદ્દામાલ રવાનગી પત્રક બતાવવામાં આવે છે તે જોઇને કહુ છુ કે આ તે જ છે જે મેં ગુન્હાના કામે કરેલ અને તપાસના કાગળોમાં સામેલ રાખેલ જે હુ ઓળખી બતાવુ છુ. તે નિશાની ૩૭/૧૧ વાળા રવાનગી પત્રકને રજુ દાખલ આંક:૧૮૯ આપવામાં આવે છે.મને નિશાની ૩૭/૧૨ વાળી મુદ્દામાલ પહોચ બતાવવામાં આવે છે તે જોઇને કહુ છુ કે આ તે જ છે જે મેં તપાસના કાગળોમાં સામેલ રાખેલ જે હુ ઓળખી બતાવુ છુ. તે નિશાની ૩૭/૧૨ વાળી પહોંચને રજુ દાખલ આંક:૧૯૦ આપવામાં આવે છે. મને નિશાની ૩૭/૧૪ વાળો મુદ્દામાલ પરીક્ષણ અહેવાલ બતાવવામાં આવે છે તે જોઇને કહુ છુ કે આ તે જ છે જે મેં પરીક્ષણ થઇ આવી જતા તપાસના કાગળોમાં સામેલ રાખેલ જે હુ ઓળખી બતાવુ છુ. તે નિશાની ૩૭/૧૪ વાળા અહેવાલને રજુ દાખલ આંક:૧૯૧ આપવામાં આવે છે. મને નિશાની ૩૭/૧૫ થી ૩૭/૧૯ વાળી કોલ ડીટેલ્સ બતાવવામાં આવે છે તે જોઇને કહુ છુ કે આ તે જ છે જે મેં તપાસના કાગળોમાં સામેલ રાખેલ જે હુ ઓળખી બતાવુ છુ. તે નિશાની ૩૭/૧૫ થી ૩૭/૧૯ વાળી કોલ ડીટેલ્સને રજુ દાખલ આંક:૧૯૨, ૧૯૩, ૧૯૪, ૧૯૫ તથા આંક:૧૯૬ આપવામાં આવે છે.મને મુદ્દામાલ આર્ટીકલ નં:૧,૩ થી ૯, ૧૧, ૧૩, ૧૪, ૧૫, ૧૭ થી ૨૩, ૨૫ થી ૨૯ કે જે કોર્ટ રૂબરૂ બતાવવામાં આવે છે તે

જોઇને જણાવુ છુ કે તેમાંથી નીકળેલ મુદ્દામાલ તે જ છે જે મેં તપાસના કામે કબ્જે કરેલ. <u>જયારે આરોપી તરફે લેવામાં આવેલ ઉલટ તપાસમાં મુખ્યત્વે સ્વીકારેલ છે કે,</u> એ વાત ખરી છે કે મેં ડોકટરનુ નિવેદન મારી તપાસ દરમ્યાન લીધેલ નથી. એ વાત ખરી છે કે કહેવાતા બનાવવાળી જગ્યાએ જ્યા ઘેટા બકરા ચરાવતો હતો ત્યા એફ.એસ.એલ.અધીકારી દ્વારા તપાસ કરવા ગયેલ નહી. એ વાત ખરી છે કે કહેવાતા બનાવવાળી જગ્યાનો નક્શો કે મેપ બનાવીને અધીકારી પાસેથી મેળવીને રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદમાં કુટુંબમાં તથા અમીરભાઇને ત્યા લગ્નની વિગત છે તે કોના લગ્ન હતા તેની નામ જોગ વિગત નથી. એ વાત ખરી છે કે ફરીયાદીનુ મોડા ગામે જેસીબી ચાલુ હતુ ત્યા આંટો મારવા ગયેલ હોય અને તે જેસીબી ડ્રાઇવરનુ નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ જમીન પર કોઇ માણસોના પગના નિશાની જોવા મળેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદી વિરૂધ્ધ આર્મ્સએક્ટ તથા ભારે ગુન્હાઓ નોંધાયેલ છે.

➔ આમ, સદર ત.ક.અ. શ્રીનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો તેઓ તેમની ફરજ પર હાજર હતા દરમ્યાન ફરિયાદીએ આવી તેઓની બનાવની જાહેરાત કરતા ફરિયાદીની ફરિયાદ મુજબ પો.સ્ટે. ગુનો દાખલ કરી તપાસ તેઓને મળતા તેઓએ તપાસ સંભાળી લીધેલ અને ફરિયાદપક્ષનો કેસ સાબીત થાય તે રીતે તપાસ કરી આરોપીઓ વિરૂધ્ધ પુરાવાઓ મેળવી આરોપીને ધોરણસર અટક કરેલ અને સમય મર્યાદામાં ગુનાનુ ચાર્જશીટ કરેલ હોવાનુ તેઓના પુરાવા પરથી જણાય આવે છે પરંતુ સદર કામે તપાસવામાં આવેલ ફરિયાદી તથા સાહેદો તેમજ પંચ સાહેદોએ ગુનાના કામે રજુ પંચનામાઓની હકીકતને સમર્થન કારી પુરાવો આપેલ ન હોય અને પંચનામાઓમાં ફકત પંચ તરીકે તેઓની સહીઓ ઓળખી બતાવેલ હોય ફરિયાદપક્ષે તેઓને (વિમુખ) ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ હોય આ કામે રજુ પંચનામા ઓ પુરવાર થતા નથી. તેવી જ રીતે આ કામે તપાસવામાં આવેલ ફરિયાદ તથા સાહેદોની જુબાની આરોપીને ગુનામાં સાંકળી શકાય તેવો કોઈ સચોટ પુરાવો રેકર્ડ પર આવતો નથી. આમ, તેઓની જુબાની આધારે પણ આરોપીઓ સામે આક્ષેપિત ગુનો

પુરવાર થાય તેવો કોઈ જ મહત્વનો અને સચોટ પુરાવો રેકર્ડ પર આવતો નથી. આમ, તેઓના પુરાવા થી ફરિયાદપક્ષ આરોપી સામે પોતાનો કેસ પુરવાર કરી શકે તેવો કોઈ જ સચોટ, તટસ્થ પુરાવો રેકર્ડૈ પર આવતો નથી. જે રેકર્ડ પરનો સમગ્ર પુરાવો જોતા આરોપીને ગુનામાં તકસીરવાર ઠરાવી શકાય તેવો કોઈ જ મહત્વનો પુરાવો રેકર્ડ પર લાવી પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ નિવડેલ છે.

(૧૭) આમ, રેકર્ડ પરનો ઉપરોકત પુરાવો, પુરાવાની ચર્ચા, પુરાવાનુ વિશ્લેષણ તથા પુરાવાનુ મુલ્યાંકન ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ વાજબી શંકાથી પર રીતે સાબિત કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય **મુદ્દા નં.૧** નો જવાબ **નકારમાં** આપવામાં આવે છે અને **મુદ્દા નં ૨** અન્વયે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**મુદા નં. ૨ :-**

➔ આ કામે ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલા પુરાવાનું ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૪૮(૧)ની જોગવાઈઓ અનુસાર ગંભીરતાથી મુલ્યાંકન કરતા ફરીયાદપક્ષ પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ નીવડેલ છે તે સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી તેમ માની નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

## -:: હુકમ ::-

**૧.** આ કામના આરોપી (૧) સુલતાન હાસમ હિંગોરજા ઉ.વ.પુખ્ત, (૨) જુમ્મા આમદ હિંગોરજા ઉ.વ.પુખ્ત, (૩) હાજી જુસબ હિંગોરજા ઉ.વ.પુખ્ત, (૪) રસુલ હાસમ હિંગોરજા ઉ.વ.પુખ્ત, (૫) મહેબુબ હાસમ હિંગોરજા ઉ.વ.પુખ્ત, (૬) ફૈજમામદ હાસમ હિંગોરજા

ઉ.વ.પુખ્ત, (૭) હારૂન હાસમ હિંગોરજા ઉ.વ.પુખ્ત, (૮) હાજી હાસમ હિંગોરજા ઉ.વ.પુખ્ત, (૯) આમદખાન મામદ હિંગોરજા ઉ.વ.પુખ્ત, (૧૦) નશીમ ઉર્ફે રહીમ રમજાન હિંગોરજા ઉ.વ.પુખ્ત, (૧૧) ફૈજમામદ અલ્લારખા ભટી ઉ.વ.પુખ્ત, તમામ રહે– ટગા, તા–રાપર–કચ્છ. નાઓને ક્રિ.પ્રો. કોડની કલમ : ૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહીતાની કલમ : ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૩૨૩, ૩૪૧, ૩૦૭, ૧૨૦(બી), તથા આર્મ્સ એકટની કલમ– ૨૫ (૧)(બી) મુજબ ના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીઓના અગાઉના જામીન ખત રદ ગણવા.

**3.** આ કામના પ્રત્યેક આરોપીએ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૪૩૭(એ) મુજબ રૂા.૫૦૦૦/– સુધીના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા છ માસની મુદત માટેના અત્રેની અદાલતમા આપવા તેવો હુકમ કરવામાં આવે છે.

**–** આ હુકમ આજરોજ તા– ૧૬ મી, માહે– ઓક્ટોબર , સને–૨૦૨૪ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

| | | |
|---|---|---|
| તારીખ : | ૧૬/૧૦/૨૦૨૪. | (અંદલીપ તિવારી)<br>ત્રીજા અધિક સેશન્સ જજ<br>ભચાઉ–કચ્છ.<br>GJ01587) |
| સ્થળ : ભચાઉ<br><br>S.G.SONARA<br>Gujarati Steno. | | |